### અમેરિકાથી આવેલા યુવકે ધર્મ પૂછી સુરક્ષાકર્મીઓ પર કર્યો ચપ્પુથી હુમલો

# મુંબઈમાં 'લોન વુલ્ફ એટેક'

**બંધાઇ** રહેલી એક ઇમારતના બે ચોકીદારોને કલમા બોલવા કહ્યું, ન બોલી શક્યા તો ચપ્પુના ઘા માર્યા

**આ** ઘટનામાં એકમાત્ર હુમલાખોર સંડોવાયો હોવાની શંકા

**'લોન વુલ્ફ** એટેક' અને ઈસ્લામિક સ્ટેટ (IS)નો ઉલ્લેખ કરતી એક નોટ, એક લેપટોપ અને કુરાનની ત્રણ નકલો મળી

**મુંબઈ, તા. 28:** અહીંના મીરા રોડ વિસ્તારમાં એક બંધાઈ રહેલી ઈમારતના બે સુરક્ષા ચોકિયાતોને કથિત રીતે તેમનો ધર્મ પુછીને બાદમાં તીક્ષ્ણ હથિયારથી તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે અને તે કટ્ટરવાદી વિચારધારાથી પ્રેરિત હોવાની શંકા છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, અમેરિકામાં કેટલાક વર્ષો સુધી રહી ચૂકેલા ૩૧ વર્ષીય આરોપીનું 'સ્વ-કટ્ટરપંથીકરણ' (સેલ્ફ-રેડિકલાઈઝેશન) થયું હોય તેમ જણાય છે. રાજ્યના એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રથમ દ્રષ્ટિએ આ ઘટના 'લોન વુલ્ફ' હુમલો હોવાનું જણાય છે. આરોપી ઝૈબ ઝુબેર અંસારીએ કથિત રીતે સોમવારે વહેલી સવારે મીરા રોડ વિસ્તારમાં એક નિર્માણાધીન ઈમારતના સ્થળે સુરક્ષા ચોકિયાતોને ચપ્પુ મારતા કરતા પહેલા 'કલમા'(ઈસ્લામી શ્લોક) પઢવા કહ્યું હતું. 'લોન વુલ્ફ એટેક' એટલે એવી આતંકવાદી ઘટના જે કોઈપણ સંગઠનની મદદ કે ઉશ્કેરણી વગર કોઈ વ્યક્તિ દ્વારા સ્વતંત્ર રીતે કરવામાં આવી હોય. થાણેની એક કોર્ટે આજે આરોપીને ચોથી મે સુધી એટીએસની કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલી આપ્યો છે. ATS અધિકારીએ જણાવ્યું કે, અંસારી(૩૧) ૨૦૨૦ના વર્ષમાં અમેરિકાથી ભારત પરત આવ્યો હતો. અધિકારીના જણાવ્યા અનુસાર, ભોગ બનનારાઓ પૈકી એકે દાવો કર્યો હતો કે આરોપીએ તેમને 'કલમા' પઢવા કહ્યું હતું, અને જ્યારે તેઓ તેમ ન કરી શક્યા ત્યારે તેણે તેમને ચપ્પુના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.



**મોદી ગંગટોકમાં બાળકો સાથે ફૂટબોલ રમ્યા**

હાલમાં સિક્કિમની બે દિવસીય મુલાકાતે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સિક્કીમના પાટનગર ગંગટોકમાં શાળાના બાળકો સાથે ફૂટબોલ રમ્યા હતા. વડાપ્રધાન પોતે બાળકો સાથે ફૂટબોલ રમતા હોય તેવો એક વીડિયો પણ સોશ્યલ મીડિયા પર શેર કર્યો હતો. વડાપ્રધાન દ્વારા ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલા આ વીડિયોમાં પીએમ મોદી બ્લુ સ્પોર્ટ્સ જેકેટમાં જોવા મળી રહ્યા છે, જેઓ બાળ ખેલાડીઓ સાથે ઉજવણી કરતા પહેલા ગોલ તરફ શોટ મારી રહ્યા છે. વડાપ્રધાને ફૂટબોલને કીક મારવા સહિતની બાબતોમાં સારી કુશળતા બતાવી હતી. એક્સ પર પણ તેમણે આના ફોટા મૂકીને લખ્યું હતું કે ગંગટોકની સુંદર સવારે મારા નાનકડા મિત્રો સાથે ફૂટબોલ રમવા જેવી મજા બીજી કોઇ નથી.

### સરકારે ચૂંટણી બાદ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની અટકળો ફગાવી

નવી દિલ્હી, તા. ૨૮ (PTI): પશ્ચિમ બંગાળમાં ૨૯ એપ્રિલે મતદાન પૂર્ણ થયા બાદ ભાવવધારાની અટકળોને ફગાવતાં એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, સરકારની પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવાની કોઈ યોજના નથી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે છેલ્લા બે મહિનામાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હોવા છતાં રિટેલ પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત ચોથા વર્ષે વિક્રમી રીતે યથાવત રહ્યા છે. ઈનપુટ ખર્ચ અને પંપ પરના ભાવ વચ્ચે વધતી જતી ખાઈને કારણે સરકારી તેલ કંપનીઓને ભારે નુકસાન થઈ રહ્યું છે - કેટલાક અંદાજો મુજબ દૈનિક નુકસાન આશરે રૂ. ૨,૪૦૦ કરોડ જેટલું છે - જેના કારણે તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ અને પુડુચેરીમાં રાજકીય રીતે ચર્ચિત વિધાનસભા ચૂંટણીઓ બુધવારે પૂર્ણ થયા બાદ ભાવમાં તોતિંગ વધારો થવાની અટકળો તેજ બની હતી.

# ઈરાનની દરખાસ્ત અમેરિકા સ્વીકારે તેવી શક્યતા ઓછી

**વિદેશ** મંત્રી માર્કો રૂબિયોએ સંકેત આપ્યો કે અણુ હથિયારો અંગે ખાતરી વિના સમજૂતી નહીં

દુબઈ, તાફ ૨૮(AP): જો અમેરિકા ઈરાન પરની તેની નાકાબંધી હટાવે, તો ઈરાને યુદ્ધનો અંત લાવવા અને હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવાની જે ઓફર કરી છે, તેને ટ્રમ્પ પ્રશાસન દ્વારા સ્વીકારવામાં આવે તેવી શક્યતા ઓછી જણાઈ રહી છે.

ઈરાનની આ દરખાસ્તમાં તેના પરમાણુ કાર્યક્રમ અંગેની ચર્ચાઓને મુલતવી રાખવાની વાત છે, જેને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સોમવારે ફોક્સ ન્યૂઝના એક ઈન્ટરવ્યુમાં નકારી કાઢી હોય તેમ જણાય છે. પાકિસ્તાન દ્વારા અમેરિકાને પહોંચાડવામાં આવેલી આ દરખાસ્ત અંગે રુબિયોએ કહ્યું કે, આપણે એ સુનિશ્ચિત કરવું પડશે કે કોઈપણ સોદો અથવા સમજૂતી એવી હોય જે તેમને (ઈરાનને) કોઈપણ સમયે પરમાણુ હથિયાર બનાવવા તરફ આગળ વધતા નિશ્ચિતપણે અટકાવે. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રાષ્ટ્રીય સુરક્ષા ટીમે આ દરખાસ્ત પર ચર્ચા કરી છે અને ટ્રમ્પ આ અંગે પાછળથી સંબોધન કરશે. આ દરખાસ્ત સોમવારે ત્યારે સામે આવી જ્યારે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી રશિયાની મુલાકાતે હતા, જે લાંબા સમયથી તેહરાનનો મુખ્ય સમર્થક રહ્યું છે. જોકે, મોસ્કો અત્યારે કેવી મદદ કરી શકે છે તે સ્પષ્ટ નથી.

### ઇરાને જણાવ્યું છે કે તે પડી ભાંગવાના આરે છે: ટ્રમ્પનો દાવો

વોશિંગ્ટન, તા. ૨૮(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે દાવો કર્યો હતો કે ઈરાને અમેરિકાને હમણાં જ જાણ કરી છે કે તે પતન થવાની સ્થિતિમાં છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, તેઓ ઈચ્છે છે કે અમે જેટલી જલ્દી બને તેમ 'હોર્મુઝની સામુદ્રધુની' ખોલીએ, કારણ કે તેઓ તેમની નેતૃત્વની પરિસ્થિતિને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ માને છે કે ઈસ્લામિક રિપબ્લિક સરકારમાં અમેરિકા સાથેની વાટાઘાટો અંગે જે મતભેદો હોવાના અહેવાલ છે, તેને તેઓ ઉકેલવામાં સક્ષમ રહેશે. ઈરાન તરફથી આ સંદેશ કોણે આપ્યો, અમેરિકાના રિપબ્લિકન વહીવટીતંત્રમાં તે કોને મળ્યો અને આ સંપર્ક સીધો અમેરિકા સાથે થયો હતો કે કોઈ મધ્યસ્થી દ્વારા, તેવા પ્રશ્નો પર વ્હાઇટ હાઉસે તરત જ કોઈ પ્રતિસાદ આપ્યો ન હતો.

# ભારતીય એરલાઈન્સ ઉદ્યોગ 'ડેન્જર ઝોન'માં

**એર** ઇન્ડિયા, ઇન્ડિગો અને સ્પાઇસજેટની સરકાર પાસે મદદની ગુહાર

**મોંઘા** ઈંધણ અને પશ્ચિમ એશિયાના તણાવને કારણે વિમાનો ગ્રાઉન્ડ થવાની ભીતિ; તાત્કાલિક પેકેજની માંગ

મુંબઈ, તા. 28 (PTI): એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટે સરકારને જણાવ્યું છે કે, દેશનો એરલાઈન ઉદ્યોગ અત્યંત તણાવમાં છે અને કામગીરી બંધ કરવાના આરે છે. આ સાથે તેમણે એટીએફ (એવિએશન ટર્બાઈન ફ્યુઅલ)ના ભાવમાં સુધારો અને નાણાકીય સહાયની માંગ કરી છે.

પશ્ચિમ એશિયાની અશાંતિને કારણે તેલના ભાવમાં વધારો થયો છે અને હવાઈ ક્ષેત્રના પ્રતિબંધોએ એરલાઈન્સના ઓપરેટિંગ ખર્ચમાં વધારો કર્યો છે, ખાસ કરીને લાંબા અંતરના રૂટ પર. એરલાઈનના ઓપરેશનલ ખર્ચમાં એટીએફનો હિસ્સો લગભગ 40 ટકા જેટલો હોય છે.

આ પરિસ્થિતિને જોતાં ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સ (એફઆઈએ) એ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બંને કામગીરીમાં સમાન ઈંધણ ભાવ પદ્ધતિ લાગુ કરવા માટે પગલાં લેવા વિનંતી કરી છે, જે અગાઉ 'ક્રેક બેન્ડ'ની સ્થાપના સાથે કરવામાં આવી હતી.

જેટ ફ્યુઅલના ભાવમાં અભૂતપૂર્વ વધારો અને ક્રૂડ તથા એટીએફ વચ્ચેના અસાધારણ તફાવત સાથે ફેડરેશને જણાવ્યું હતું કે, એરલાઈન્સનું સંચાલન સંપૂર્ણપણે પડકારજનક બની રહ્યું છે.

એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટનું પ્રતિનિધિત્વ કરતા ફેડરેશને જણાવ્યું હતું કે, "... એટીએફના ભાવમાં કોઈપણ એડ-હોક પ્રાઈસિંગ (ઘરેલું વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય) અને/અથવા અતાર્કિક વધારાના પરિણામે એરલાઈન્સને ન ભરી શકાય તેવું નુકસાન થશે અને વિમાનો ગ્રાઉન્ડ કરવા પડશે, જેના પરિણામે ફ્લાઈટ્સ રદ થશે."

26 એપ્રિલના રોજ લખેલા પત્રમાં જણાવાયું હતું કે, "અસ્તિત્વ ટકાવી રાખવા અને કામગીરી ચાલુ રાખવા માટે, અમે વર્તમાન પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે તાત્કાલિક દખલગીરી અને અર્થપૂર્ણ નાણાકીય સહાય માટે વિનંતી કરીએ છીએ."


**પેજ 3**

### પ્રેગ્નન્સીની જાહેરાત બાદ દીપિકા પાદુકોણ પ્રથમ વખત જાહેરમાં જોવા મળી



મુંબઈ, તા. ૨૮:અભિનેત્રી દીપિકા પાદુકોણે પોતાની બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કર્યા બાદ મંગળવારે પ્રથમ વખત બહાર નીકળી હતી. અભિનેત્રી મંગળવારે વહેલી સવારે મુંબઈ એરપોર્ટ પર પતિ રણવીર સિંહ સાથે જોવા મળી હતી. આ કપલ આ વર્ષના અંતમાં તેમના બીજા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યું છે. દીપિકાએ આ વખતે આરામદાયક છતાં સ્ટાઇલિશ લુક પસંદ કર્યો હતો. તેણે ઓવર-સાઇઝ્ડ કોબાલ્ટ બ્લૂ કો-ઓર્ડ સેટ પહેર્યો હતો, જેમાં કોન્ટ્રાસ્ટ સ્ટિચિંગવાળું લૂઝ બટન-ડાઉન શર્ટ અને સ્ટ્રેટ-ફિટ ટ્રાઉઝર હતું. તેણે આ આઉટફિટને બ્રાઇટ યલો સ્નીકર્સ સાથે જોડી દીધો હતો અને ક્લાસિક બ્લેક હેન્ડબેગ કેરી કરી હતી. તેના વાળ વ્યવસ્થિત રીતે પાછળ બાંધેલા હતા, જે તેના રિલેક્સ્ડ એરપોર્ટ લુકને પૂર્ણ કરતા હતા.

### આમિર ખાને '૩ ઈડિયટ્સ'ની સીક્વલની પુષ્ટિ કરી



મુંબઈ, તા. 28: આમિર ખાને સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે, '૩ ઈડિયટ્સ'ની સીક્વલ પર કામ ચાલી રહ્યું છે, જેનાથી હિન્દી સિનેમાની સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મોમાંની એક વિશે વર્ષોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં આમિરે કહ્યું હતું કે, દિગ્દર્શક રાજકુમાર હિરાણી અત્યારે લેખક અભિજાત જોશી સાથે મળીને સીક્વલ પર કામ કરી રહ્યા છે. જોકે, સ્ક્રિપ્ટ હજી પણ સુધારવામાં આવી રહી છે, અભિનેતાએ જણાવ્યું હતું કે, મુખ્ય વાર્તાને પહેલેથી જ આકાર આપી દેવાયો છે અને તે એક તાજી છતાં પરિચિત કથાનું વચન આપે છે. આગામી ફિલ્મમાં 10 વર્ષનો 'ટાઈમ જમ્પ' જોવા મળશે, જેમાં પ્રિય પાત્રો– રેન્ચો, ફરહાન અને રાજુ–તેમના જીવનના એક નવા તબક્કે ફરી જોવા મળશે.

### ઈન્ડોનેશિયામાં ટ્રેન દુર્ઘટનામાં 15 મહિલાઓનાં મોત



બેકાસી (ઈન્ડોનેશિયા), તા. 28 (AP): ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા નજીક બેકાસી તિમુર સ્ટેશન પર સર્જાયેલી ભયાનક ટ્રેન દુર્ઘટનામાં ૧૫ મહિલાઓના મોત નીપજ્યા છે. સોમવારે ઉભેલી લોકલ ટ્રેનના મહિલા આરક્ષિત ડબ્બા સાથે એક લાંબા અંતરની ટ્રેન પાછળથી અથડાતા આ હોનારત સર્જાઈ હતી. બચાવ કામગીરી મંગળવારે પૂર્ણ કરવામાં આવી છે, જેમાં ૮૮ મુસાફરો ઈજાગ્રસ્ત હોવાનું બહાર આવ્યું છે. રેલવે સત્તાધીશોના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સમયે એક્સપ્રેસ ટ્રેનના ૨૪૦ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે અન્ય એક ટ્રેન ટેક્સી સાથે અથડાતા લોકલ ટ્રેનને રોકવી પડી હતી.

# દક્ષિણ ચીનમાં મેઘતાંડવ

**૨૪ કલાકમાં** ૧૦ ઈંચ વરસાદથી જળબંબાકાર, કારો પાણીમાં ગરકાવ

બેઈજિંગ, તા. 28 (AP): દક્ષિણ ચીનના એક શહેરમાં મૂશળધાર વરસાદને કારણે આવેલા ભારે પૂરમાં કારો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને 200થી વધુ રહેવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. એમ સરકારી મીડિયાએ મંગળવારે અહેવાલ આપ્યો હતો. ગુઆંગસી પ્રદેશના કિન્ઝોઉ શહેરમાં જે રહેવાસીઓ પોતપોતાના ઘરોમાં ફસાયા હતા તેમને સ્થળાંતરિત કરવામાં મદદ કરવા માટે બચાવ ટુકડીઓએ હવા ભરેલી બોટ તૈનાત કરી હતી. સિન્હુઆના વીડિયો ફૂટેજમાં બચાવકર્મીઓને છાતી સુધીના પાણીમાં ચાલતા અને ફાયર ફાઈટરોને વૃદ્ધ રહેવાસીઓને તેમના હાથમાં ઊંચકીને લઈ જતા બતાવવામાં આવ્યા હતા.

કિન્ઝોઉ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, શહેરના હવામાન મથકે સોમવારે સવારે 8 વાગ્યે પૂરા થતા 24 કલાકના ગાળામાં 270 મિલીમીટર (લગભગ 10 ઈંચ)થી વધુ વરસાદ નોંધ્યો હતો. એપ્રિલ મહિનામાં કોઈ એક દિવસમાં ત્યાં નોંધાયેલો આ સૌથી વધુ વરસાદ હતો.

